# મોડાસા તાલુકા અન્વયે ફિટ ઈન્ડીયા ફિટ ગુજરાત સાયકલોથોન અંતર્ગત સાયકલ રેલી યોજાઈ

બાયડ તા.૨૬

સુશાશન વીક ઉજવણી અંતર્ગત ફિટ ઈન્ડીયા ફિટ ગુજરાત સાયકલોથોન ઉજવણીના ભાગરૂપે કલેકટરસા માન.જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અરવલ્લી મોડાસા દ્વારા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવેલ જેને કલેકટર એ લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવેલ જેમાં કલેકટર ,જિલ્લા વિકાસ અધિકારીસા.શ્રી, આરોગ્ય વિભાગ/શિક્ષણ વિભાગ/ખેતીવાડી વિભાગ તથા અન્ય વિભાગના અધિકારીશ્રીઓ, ઈન્ડીયન મેડિકલ એસોશીયેશન મોડાસાના ૩૫થી વધુ ડૉકટરો, શાળાના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા આરોગ્ય વિભાગના કર્મચારીશ્રીઓ મળી ૨૦૦થી વધુ વ્યકતિઓએ સાયકલ રેલીમાં ભાગ લઈ રેલીને સફળ બનાવી હતી. સાયકલ રેલી જિલ્લા સેવાસદનથી નિકળી પેલેટ હોટેલ-પાવનસીટી-મોડાસા ચાર રસ્તા થઈ તાલુકા આરોગ્ય કચેરી મોડાસા ખાતે પૂર્ણ થયેલ. સાયકલ રેલીમાં ભાગ લેનાર વ્યકતિઓને ફિટ ઈન્ડીયા અન્વયેના સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.



## આસીસ્ટન્ટ ટેક્સ કમિશ્નર તરીકે પસંદગી

# બાયડ તાલુકાની પ્રા. શાળાના મુખ્ય શિક્ષક ક્લાસ-૧, ૨ ની પરીક્ષામાં સફળ

### પ્રથમ ટ્રાયલે જ મેઈન્સ અને ઈન્ટરવ્યુમાં ફતેહ મેળવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવેલ ક્લાસ-૧, ૨ ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે જેમાં બાયડ તાલુકાની અંતરીયાળ છભ્ભોં પ્રાથમિક શાળામાં એચ.ટાટ મુખ્ય શિક્ષક ફરજ બજાવતા સમગ્ર રાજ્યમાં ૧ ૭મા રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ આસીસ્ટન્ટ ટેક્સ કમિશ્નર વર્ગ-૧ તરીકે પસંદ થતાં અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષકોમાં ખુશાલી છવાઈ છે. તેઓએ પ્રથમ ટ્રાયલે જ મેઈન્સ અને ઈન્ટરવ્યુંમાં ફતેહ મેળવી છે. વર્ષ-૨૦૧૮થી તેઓ જી.પી.એસ.સી.ની તૈયારી કરતા હતા. મનોબળ મક્કમ હોય તો ગમે તેવી સિદ્ધિ સામેથી મળતી હોય છે. આણાંદ જિલ્લાના વિદ્યાનગરના વતની અને એચ ટાટ મુખ્ય શિક્ષક તરીકે બાયડ તાલુકાની જીભ પ્રા.શાળામાં સૂચિતાબેન ચૌહાણાની નિયુક્તિ થઈ. તેમના આગમન સાથે શાળાનું વાતાવરણ બદલાયું શાળામાં પણ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં તેમની રુચિ ધ્યાન આકર્ષક હતી, જયારે સમય મળે ત્યારે જી.પી.એસ.સી.ની તૈયારી કરતા. વર્ષ-૨૦૧૯માં જી.પી.એસ.સી ની પરીક્ષા આપી અને પ્રિલીમ કલીયર કરી શક્યા. ત્યારબાદ ફરી જી.પી.એસ.સી.ની પરીક્ષા આવી. પૂરતા આત્મવિશ્વાસ સાથે પરીક્ષામાં ઝંપલાવ્યું અને પરિણામ આવ્યું ત્યારે તેઓ સમગ્ર ગુજરાતમાં ૧૭માં રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ આસીસ્ટન્ટ ટેકા કમિશ્નર ક્લાસ-૧ તરીકે પસંદગી કરવામાં આવી છે. પ્રા.શાળામાં બાળકો અભ્યાસમાં નબળો હોય છે અને તેમની પાછળ વધુ સમય આપવાનો થતો હોવા છતાં મુખ્ય શિક્ષિકાએ તમામ ફરજો સુપેરે બજાવી એક માઈલસ્ટોન મેળવ્યો છે. તેઓએ પોતાની આ સિદ્ધિમાં માતા-પિતા અને મિત્રોનો અમૂલ્ય સહયોગ હોવાનું જણાવ્યું.



**પરીક્ષા આપતા ઉમેદવારોને ટીસ...**

જી.પી.એસ.સી. પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં ૧૭મા રેક્ર સાથે ઉત્તિર્ણ થયેલા સૂચિતાબેન ચૌહાણે જણાવ્યું કે પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોએ નિષ્ફળતા મળે તો પણ નાસીપાસ થવાની જરુર નથી એવું સમજવું કે તૈયારી યોગ્ય રીતે કરી નથી. મોબાઈલમાં સમય બગાડવાના બદલે સમયનો સદુપયોગ કરો, વાંચીને તેની નોટ તૈયાર કરી અને વારંવાર રીવીઝન કરશો તો અવશ્ય સ્પર્ધાત્મક પરીક્ષામાં ધારી સફળતા મળશે.

**છભ્ભૌ શાળાનું રાજ્યમાં ગૌરવ વધાર્યું...**

શાળાના શિક્ષક મિતકુમાર પટેલે જણાવ્યું કે અમારી શાળાના મુખ્ય શિક્ષક સૂચિતાબેન ચૌહાણે. જી.પી.એસ.સી. દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૧૭મા રેક્ર સાથે ઉત્તિર્ણ થઈ આસીસ્ટન્ટ ટેકા કમિશ્નર વર્ગ-૧ તરીકે પસંદ થયા તે અમારા માટે ગૌરવની બાબત છે. તેમની સફળતાથી છભ્ભ પ્રાથમિક શાળાને રાજ્યમાં ગૌરવ મળ્યું

# પ્રાંતિજ ખાતે ખેતીલાયક જમીનો 'બિનખેતી પ્રિમિયમ પાત્ર' સત્તા પ્રકારમાં ફેરવવા રજુઆત

### મુખ્યમંત્રી તથા મહેસુલ મંત્રી ને પત્ર દ્વારા લેખિતમાં રજુઆત : ખર્ચ ખૂબ મોટા પાયે થતો હોવાને કારણે સામાન્ય ખેડૂત આ ખર્ચ કરી શકતો નથી

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ખેતીલાયક જમીનો 'બિનખેતી પ્રિમિયમ પાત્ર ' સત્તા પ્રકાર મા ફેરવવા મુખ્ય મંત્રી તથા મહેસુલ મંત્રીને લેખિત મા રજુઆત કરવામા આવી

પ્રાંતિજ ખાતે રહેતા ગોવિંદભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ખેતીલાયક જમીનો પૈકી કેટલીક જમીન/બ્લોક નંબરો ને સત્તા પ્રકાર 'બિનખેતી પ્રિમિયમ પાત્ર ' માં ફેરવાયો નથી જેથી આવી જમીનો નુ વેચાણ-હસ્તાંતરણ થઈ શકતુ નથી જો આવી ' બિનખેતી પ્રિમિયમ પાત્ર ' માં ફેરવવાની બાકી રહી ગયેલી રાખવામા આવેલી જમીનો નો સત્તા પ્રકાર 'બિનખેતી પ્રિમિયમ પાત્ર' માં ફેરવવામા આવે તો ખેડૂતો સરળતાથી જમીનનુ ખરીદ-વેચાણ કરી શકે જો આમ કરવામા આવે તો સરકાર ને સ્ટેમ્પ ડયુટીની આવક થાય એમ છે આવી જમીનો એક થી વધુ વખત ખરીદ વેચાણ થાય તો સરકાર ને એક થી વધુ વખત સ્ટેમ્પ ડયૂટીની આવક થઈ શકે છે 'બિનખેતી પ્રિમિયમપાત્ર' માં ફેરવેલી જમીનો રહેણાંક, વાણિજ્યિક કે ઓધોગીક હેતુઓ માટે બિનખેતી (એન.એ) માં ફેરવવાની થાય ત્યારે પ્રિમિયમ ની રકમના રૂપમા સરકાર ને આવક થવાની જ છે તો આ ઉપરાંત કેટલીક તાલુકા પ્લેસની નગરપાલીકા હદમા આવેલ ખેતી બિનખેતી પ્રિમિયમ પાત્ર જમીન નોનુ પ્રિમિયમ ખુબજ ઉચુ આકારવામા આવેલ હોવાથી આવા વિસ્તાર ની જમીનો નુ રહેણાંક મકાનો બનાવવા, વાણિજ્યિક કે ઓધોગીક હેતુઓ માટે ખરીદ વેચાણ કે ઉપયોગ થઈ શકતો નથી જેને લઈ ને પ્રાંતિજ ના વતની ગોવિંદભાઈ પટેલ દ્વારા મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત રાજ્ય ના મહેસુલ મંત્રી ને લેખિત મા રજુઆત કરવામા આવી.

# પાલનપુર નગરપાલિકા દ્વારા અટલજીને પુષ્પાંજલિ

### અટલજીના જન્મદિનની સુશાસન દિન તરીકે ઉજવણી કરાઈ



પાલનપુર તા. ૨૬

વડાપ્રધાન ભારત રત્ન શ્રી અટલજીની જન્મ જયંતિ દેશભરમાં સુશાસન દિવસ તરીકે ઉજવાય છે. ત્યારે પાલનપુર નગરપાલિકા ખાતે અટલજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી.

ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની આજે જન્મ જયંતિ છે. ત્યારે દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને ભાજપના સ્થાપક અટલજીની જન્મ જયંતિની સુશાસન દિવસ તરીકે દેશભરમાં ઉજવણી થાય છે. ત્યારે પાલનપુર ખાતે પણ ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં પાલનપુર નગરપાલિકા દ્વારા પાલિકા કચેરી ખાતે સ્થાપિત અટલજીની પ્રતિમા પર ફુલહાર કરી પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

જેમાં પાલનપુર નગરપાલિકા પ્રમુખ હેતલબેન રાવલ સહિત ભાજપના નગરસેવકો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ અટલજીને ભાવભીના શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# હરિદ્વારથી આવેલા રુદ્રાક્ષ વૃક્ષનું મોડાસામાં વાવેતર થશે

### gpygના પર્યાવરણીય પ્રાણવાન રવિવારને ગાયત્રી પરિવાર પ્રમુખે પ્રસાદ રૂપે મોકલ્યું આ રુદ્રાક્ષ વૃક્ષ

બાયડ તા.૨૬

ભારત પ્રકૃતિ પૂજક દેશ છે અને આ દિવસોમાં પર્યાવરણ પર ગંભીર સંકટની સ્થિતિ છે. આ સમસ્યાનો સામનો કરવામાં વૃક્ષારોપણ મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રદૂષણ ઘટાડવા માટે વધુને વધુ વૃક્ષો વાવવામાં આવે છે. સામાન્ય રીતે એવું બને છે કે લોકો ખૂબ જ ઉત્સાહ સાથે મોટા પાયે વૃક્ષારોપણ કરે છે, પરંતુ તેના પરિણામો આશાસ્પદ નથી. દરમિયાન, ઓલ વર્લ્ડ ગાયત્રી પરિવાર એક એવી સંસ્થા છે, જે વૃક્ષ ગંગા અભિયાન હેઠળ બે દાયકાથી વધુ સમયથી વૃક્ષારોપણનું કાર્ય કરી રહી છે. મોડાસાના ૧૫ જેટલા યુવાનોએ સતત ૨૫ થી નિરંતર ચલાવેલ પ્રાણવાન રવિવાર આંદોલનને આશીર્વાદ રૂપે ગાયત્રી પરિવારના પ્રમુખ આદરણીય શૈલદીદી એ રુદ્રાક્ષ વૃક્ષનું મોડાસા વિશેષ રૂપે પાઠવ્યું છે. હાલમાં જ ગાયત્રી પરિવાર ના મુખ્યાલય શાંતિકુંજ ખાતે શનિવારે પૂર્ણ થયેલ રાજ્ય સ્તરીય શિબિરમાં ર્જ્ઞૅઅપ્ન ના યુવા મિત્ર દેવાશિષ કંસારા ને આ તરૂ પ્રસાદ આપવામાં આવ્યો હતો . જયેષ્ઠ માસનો ઉનાળો હોય કે પોષ, માઘ માસની કડકડતી ઠંડી થી ભરેલો દિવસ હોય - દર રવિવારે એક રોપા વાવવાનું હોય તો કોઈપણ અડચણ વિના અભિયાન ચાલુ રાખવામાં આવ્યું છે. અત્રે જણાવી દઈએ કે આ અભિયાન ૭ મી નવેમ્બર ૨૦૧૦ ના રોજ ઓલ વર્લ્ડ ગાયત્રી પરિવારના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય હરિદ્વાર ખાતે આવેલ ગાયત્રી તીર્થથી શરૂ થયું હતું. અત્યાર સુધીમાં બે કરોડથી વધુ રોપા વાવવા, નિર્જન પહાડીઓ હરિયાળી બનાવવા, અશુદ્ધ ગંગા સહિત વિવિધ નદીઓ બંને કિનારાને લીલી ચુનર અર્પણ કરવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.તરુ પ્રસાદનું આગામી રવિવારે મોડાસામાં ગાયત્રી સંસ્કાર ધામ ખાતે વાવેતર થશે .ગાયત્રી પરિવાર યુવા ગ્રુપ દ્વારા આગામી ૨ જાન્યુવરી ૨૦૨૨ ના રોજ ૨૭ માં પ્રાણવાન રવિવારના રોજ ગાયત્રી સંસ્કાર ધામ ખાતે વાવેતર થશે .સાથે જ આ મોડાસાના આ યુવાનો દ્વારા ચાલતા આંદોલનનું ૫૧ મા પ્રાણવાન રવિવાર જૂન ૨૦૨૨માં હરિદ્વાર ના ગંગા ના તટ પર ૫૧ વૃક્ષો ના વાવેતર સાથે થશે .



# ધનસુરા ખાતે અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતી નિમિત્તે ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૨૬

અરવલ્લી જિલ્લા ના ધનસુરા ખાતે અટલ બિહારી વાજપેયીજી ની જન્મ જયંતી નિમિત્તે ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો હતો ભાજપા મેડિકલ સેલ ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્ય માં અટલ બિહારી વાજપેયીજી ની જન્મ જયંતિ નિમિત્તે વિવિધ જગ્યાએ ફ્રી મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ધનસુરા ખાતે પણ ભાજપા મેડિકલ સેલ દ્વારા ફ્રી મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડો.સેલ ના ડોકટરો અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કેમ્પ માં ગામ લોકો એ ભાગ લીધો હતો જેમાં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, સાબર ડેરી ના ડિરેક્ટર કાંતિભાઈ પટેલ,ડોક્ટર સેલના શિરીષભાઈ શાહ, ડૉ.શાંતિલાલ પટેલ સહિત અન્ય ડૉકટરશ્રી ઓ, મનોજભાઈ પટેલ અને મેડિકલ સેલ ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



# અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષક સંઘમાં કાર્યાધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી

ધનસુરા, તા. ૨૬

મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની બેઠક મળી હતી જેમાં સતિષભાઈ પટેલ મહામંત્રી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, હસમુખભાઈ પટેલ પ્રમુખ અરવલ્લી જિલ્લા. પ્રા.શિક્ષક.સંઘ, અનિલભાઈ પટેલ ઉપપ્રમુખ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ,આશિષભાઈ પટેલ મહામંત્રી અરવલ્લી જિલ્લા.પ્રા.શિ.સંઘ અને અન્ય જિલ્લાના હોદ્દેદારો, અન્ય તાલુકા અને ભિલોડા તાલુકાના હોદ્દેદારો રશ્મિભાઈ કલાસવા, જયંતીભાઈ બરંડા, આર.ડી.પટેલ વગેરે હોદ્દેદારોના હસ્તે અ.જી.પ્રા.શિ.સંઘમાં જિલ્લાના 'કાર્યાધ્યક્ષ' તરીકે વિજય જાદવ, સી.આર.સી.કો. ચોરીમાલાની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી સાથે શ્રી વિજય જાદવ સી.આર.સી.કો. ચોરીમાલા દ્વારા તૈયાર કરવામાં આવેલા ૮૨ પાનાં ધરાવતા મોડ્યુલનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.



# મહેસાણા જિલ્લાના ૨૪૭ હેલ્થ વેલનેસ સેન્ટરોથી ૩૦૨૯થી વધુ સાયક્લ ચાલકો થકી સાયક્લોથોન

### આરોગ્યપ્રદ જીવન શૈલી માટે સાયકલિંગ જેવો શારીરિક શ્રમ ખૂબ જ લાભદાયી : અગ્રણી જશુભાઈ પટેલ





મહેસાણા, તા. ૨૬

આરોગ્ય વિભાગ ગુજરાત સરકાર દ્વારા લોકો શારીરિક તંદુરસ્તી અને સુખાકારી પ્રવૃત્તિ લોકો પોતાના જીવનમાં અપનાવે તે હેતુથી તમામ હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે તેમજ નિરામય ગુજરાતની ઝુંબેશ ની સાથે "Fit India Fit Gujarat Cyclothon: નું આયોજન આરોગ્યપ્રદ જીવન શૈલી અંગે લોકોને સામુદાય પ્રોત્સાહન મળે તે હેતુથી નક્કી કરેલ છે.

જે અંતર્ગત મહેસાણા જિલ્લાના ૨૪૭ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પરથી ૩૦૨૯ સાયકલીસ્ટોએ ભાગ લીધો હતો. મહેસાણા શહેર અર્બન સેન્ટર ખાતેથી જિલ્લા કલેકટરશ્રી ઉદિત અગ્રવાલ,જિલ્લા પોલીસ અધિક્ષક ડો પાર્થરાજસિંહ ગોહિલ અને અગ્રણી જશુભાઈ પટેલે સાયકલ ચાલકોને લીલી ઝંડી આપી હતી.

આ પ્રસંગે આરોગ્ય અધિકારી ડો વિષ્ણું પટેલે જણાવ્યું હતું કે આ ઈવેન્ટ નું સૂત્ર 'સાયકલ ચલણ થકી બિનચેપી રોગોમાંથી મુક્તિ' એવું રાખેલ છે. શારીરિક શ્રમ થી શરીરમાં હેપ્પી હોર્મોન જેવા કે એન્ડોર્ફિન, ડોપામાઈન અને સેરોટોનિન ઉત્પન્ન થાય છે. જે શરીરમાં ઉર્જા ઉત્પન્ન કરે છે. તેમજ માનસિક તણાવ દૂર કરે છે અને તેમાંથી પણ સાયકલિંગ કરવાથી આખા શરીરને કસરત મળે છે અને તેનાથી શારીરિક કાર્યક્ષમતામાં પણ વધારો થાય છે. તે ઉપરાંત વાતાવરણ માં પ્રદૂષણ માં પણ ઘટાડો થાય છે અને આર્થિક ફાયદો રહે છે.

અત્રે ઉલ્લેખનીય છેકે મહેસાણા જિલ્લામાં વિવિધ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પરથી ૦૧ થી ૧૫ કિલોમીટર સુધી સાયકલીંગનો રૂટ રાખવામાં આવ્યો હતો. મહેસાણા શહેરમાં અર્બન સેન્ટરથી દેલા બસસ્ટેન્ડ સુધી રૂટ રાખવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



પુનમ મનોજભાઈ સિંધી
પોલીસ લાઇન સામે,
આંબાવાડી, હિંમતનગર



નિલેશભાઈ મુકુંદભાઈ
બ્રહ્મભટ્ટ,
પત્રકાર બાયડ,
જીલ્લો અરવલ્લી



રમેશભાઈ શર્મા
આશા એગ્રીકલ્ચર
બાયડ,જીલ્લો અરવલ્લી



ડોલીબેન કિશનભાઇ
પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ,જીલ્લો અરવલ્લી



રમેશભાઈ બી.પટેલ
ન્યૂ ઇન્ડિયા ટાયર્સ
બાયડ જીલ્લો અરવલ્લી



ઋતુરાજસિંહ સોલંકી
પૂર્વ સરપંચ ,સાઠંબા ગ્રામ
પંચાયત સાઠંબા બાયડ



કલકીત પટેલ
સાયરા, મોડાસા



ભારદ્વાજ અરવિંદભાઈ
પટેલ
સુંદરપુરા, તા.બાયડ